# જીવાણુશાસ્ત્રી (બેક્ટેરિયોલોજિસ્ટ)

જીવાણુશાસ્ત્રી એક વિશિષ્ટ વૈજ્ઞાનિક છે જે બેક્ટેરિયા (જીવાણુઓ) અને અન્ય સુક્ષ્મસજીવોનો અભ્યાસ કરે છે. જીવાણુશાસ્ત્રી મનુષ્યો અને પ્રાણીઓ પર બેક્ટેરિયાની અસરનો અભ્યાસ કરે છે અને તેમના સ્વભાવને વધુ સારી રીતે સમજવાનો પ્રયાસ કરે છે અને છેવટે માનવોના લાભ માટે તેનો ઉપયોગ કરે છે.



## વ્યક્તિગત નિપુણતા

- તમે વિજ્ઞાનમાં રૂચિ ધરાવો
- તમે સમસ્યાઓ/પરિસ્થિતિઓનું વિશ્લેષણ કરવાનું પસંદ કરો છો
- તમે કામ કરતી વખતે વિગતો પર ધ્યાન આપો છો
- તમને કમ્પ્યુટર પર કામ કરવું પસંદ છે

આ અભ્યાસક્રમની ફી આશરે રૂ. ૭,૨૦૦ થી ૩,૨૧,૦૦૦* જેટલી હોય છે

*આ અંદાજિત રકમ છે અને વિવિધ શૈક્ષણિક સંસ્થાઓ મુજબ તેમાં ફેરફાર હોય શકે છે.

## શિષ્યવૃતિ

- રાષ્ટ્રીય શિષ્યવૃત્તિ પોર્ટલ - **www.scholarships.gov.in** ની મુલાકાત લો. આ પોર્ટલ હેઠળ કેન્દ્ર સરકારના વિવિધ વિભાગો, UGC/AICTE યોજનાઓ તેમજ રાજ્ય દ્વારા અમલમાં મુકવામાં આવેલી યોજનાઓ દ્વારા આપવામાં આવતી સહાય અંગેની માહિતી ઉપલબ્ધ છે.*
- ઉપલબ્ધ શિષ્યવૃત્તિની વિગતો માટે **digitalgujarat.gov.in** ની મુલાકાત લો. ધોરણ XI થી શરૂ થતી શિષ્યવૃત્તિ માટે આ એક પ્રવેશદ્વાર છે.*
- યોગ્યતાના આધારે સંસ્થાઓમાં પણ શિષ્યવૃત્તિ ઉપલબ્ધ છે.*

*(આ શિષ્યવૃત્તિની ઉપલબ્ધતા સમયાંતરે બદલાઈ શકે છે)

## લોન

- વિદ્યાલક્ષ્મી, **www.vidyalakshmi.co.in**, શૈક્ષણિક લોન મેળવવા માંગતા વિદ્યાર્થીઓ માટેનું એક પોર્ટલ છે. આ પોર્ટલ નાણાકીય સેવા વિભાગ, (નાણાં મંત્રાલય), ઉચ્ચ શિક્ષણ વિભાગ (શિક્ષણ મંત્રાલય) અને ઈન્ડિયન બેંક્સ એસોસિએશન (IBA)ના માર્ગદર્શન હેઠળ વિકસાવવામાં આવેલ છે.
- કેટલાક રાજ્યોમાં ઓછા વ્યાજ દરો સાથે વિદ્યાર્થી ક્રેડિટ કાર્ડ ઉપલબ્ધ છે, ઉદાહરણ તરીકે, પશ્ચિમ બંગાળ, ઓડિશા, બિહાર, વગેરે.
- તમામ બેંકો શૈક્ષણિક લોન આપે છે.

## પ્રવેશ માટે...

૧. વિજ્ઞાન પ્રવાહમાં ધો. ૧૨ પૂર્ણ કરો. (ભૌતિકશાસ્ત્ર, રસાયણશાસ્ત્ર અને જીવવિજ્ઞાન)

૨. જીવવિજ્ઞાન / માઈક્રોબાયોલોજી / બાયોકેમિસ્ટ્રી / કોષ વિજ્ઞાનમાં સ્નાતક (B.Sc.)ની ડિગ્રી મેળવો.

**અથવા**

સ્નાતકની ડિગ્રી મેળવ્યા બાદ, સમાન અથવા સંબંધિત વિષયમાં અનુસ્નાતક (M.Sc.)ની ડિગ્રી મેળવો.

**અથવા**

એમ.બી.બી.એસ.ની ડિગ્રી પૂર્ણ કરો, ત્યારબાદ માઈક્રોબાયોલોજી / મેડિકલ જેનેટિક્સ / મોલેક્યુલર પેથોલોજી / મોલેક્યુલર જિનેટિક પેથોલોજી / બાયોકેમિસ્ટ્રીમાં એમ.ડી.ની ડિગ્રી મેળવો.

કૃપા કરીને નોંધણી દરમિયાન અભ્યાસક્રમનો સમયગાળો તપાસો

## અપેક્ષિત આવક

*અહી આપેલ આંકડાઓ ફક્ત સૂચક છે અને ફેરફારને પાત્ર છે

જીવાણુશાસ્ત્રીનું અંદાજીત માસિક વેતન
રૂ. ૭૫,૦૦૦ થી ૧,૩૨,૦૦૦* જેટલું હોય છે.

સ્ત્રોતઃ https://www.salaryexpert.com/salary/job/bacteriologist/india

## તમે ક્યાં કામ કરશો?

**કાર્યસ્થળ :** સરકારી અને ખાનગી હોસ્પિટલો/પ્રયોગશાળાઓ, બાગાયન, કૃષિ ફાર્મ, કૃષિ સંશોધન સંસ્થાઓ વગેરે

**કાર્યસ્થળનું વાતાવરણ:** આ ડેસ્ક જોબ નથી. તમારે પ્રયોગશાળાના કાર્યકરો અને સહાયકોની ટીમનું સંચાલન કરવાની જરૂર પડી શકે છે. સ્થાનિક મુસાફરી તમારી ભૂમિકાનો ભાગ નથી. પાર્ટ-ટાઇમ અને કરાર આધારિત નોકરીઓ ઉપલબ્ધ થઈ શકે છે. સંસ્થાઓ સામાન્ય રીતે અઠવાડિયામાં ૫ થી ૬ દિવસ અને દરરોજ ૯ થી ૧૦ કલાક કામ કરે છે. સંસ્થા મુજબ તેમાં ફેરફાર થઇ શકે છે. શિફ્ટ પ્રથા ઉપલબ્ધ હોઈ શકે છે.

આ ક્ષેત્રમાં દિવ્યાંગ લોકો માટે કામ કરવાની તકો ઉપલબ્ધ છે.

## અપેક્ષિત પ્રગતિ પથ

બેક્ટેરિયોલોજી ઈન્ટર્ન → લેબ ટેકનિશિયન/જુનિયર બેક્ટેરિયોલોજિસ્ટ → બેક્ટેરિયોલોજિસ્ટ → સિનિયર બેક્ટેરિયોલોજિસ્ટ → હેડ ઑફ ડિપાર્ટમેન્ટ, બેક્ટેરિયોલોજી → ડીન/સી.ઈ.ઓ./મેડિકલ ડિરેક્ટર

**સર્ચ માટેના કીવર્ડ્સ ...**

બેક્ટેરિયોલોજિસ્ટ, બેક્ટેરિયોલોજી, માઈક્રોબાયોલોજિસ્ટ

## તમે અભ્યાસ ક્યાં કરશો?

**આ અભ્યાસક્રમ માઈક્રોબાયોલોજી વિભાગ દ્વારા ઉપલબ્ધ કરાવવામાં આવે છે.** સંસ્થાઓની અહી આપેલ યાદી માત્ર સૂચક છે.

**સરકારી સંસ્થાઓ**

૧. ઓલ ઈન્ડિયા ઈન્સ્ટિટ્યુટ ઓફ મેડિકલ સાયન્સ નવી દિલ્હી
૨. એમ.એસ.યુ., વડોદરા
૩. કિંગ જ્યોર્જ મેડિકલ યુનિવર્સિટી, લખનૌ
૪. સૌરાષ્ટ્ર યુનિવર્સિટી, રાજકોટ
૫. ઉત્તર પ્રદેશ યુનિવર્સિટી ઓફ મેડિકલ સાયન્સ, સૈફઈ
૬. છત્રપતિ શાહુજી મહારાજ યુનિવર્સિટી, કાનપુર
૭. ઓલ ઈન્ડિયા ઈન્સ્ટિટ્યુટ ઓફ મેડિકલ સાયન્સ, ઋષિકેશ
૮. શેર-એ-કાશ્મીર ઈન્સ્ટિટ્યુટ ઓફ મેડિકલ સાયન્સ

**ખાનગી સંસ્થાઓ**

(અરજી કરતા પહેલા કૃપા કરીને તપાસ કરો કે શું સંસ્થા યુજીસી અને એ.આઇ.સી.ટી.ઈ. સાથે સંલગ્ન અને માન્યતા પ્રાપ્ત છે.)

૧. ડૉ. સુભાષ યુનિવર્સિટી, જુનાગઢ
૨. મણિપાલ એકેડેમી ઓફ હાયર એજ્યુકેશન, કર્ણાટક
૩. ક્રિષ્ના ઈન્સ્ટિટ્યુટ ઓફ મેડિકલ સાયન્સ, મલકાપુર
૪. દયાનંદ સાગર યુનિવર્સિટી, બેંગલુરૂ
૫. ગણપત યુનિવર્સિટી (જીયુએનઆઈ), મહેસાણા
૬. એમિટી યુનિવર્સિટી, નોઈડા
૭. એડમસ યુનિવર્સિટી, કોલકાતા
૮. પારુલ યુનિવર્સિટી, વડોદરા

સંસ્થાઓના રેન્કિંગની માહિતી અહીં ઉપલબ્ધ છે - https://www.nirfindia.org/2022/Ranking.html

**ડિસ્ટન્સ લર્નિંગ ઈન્સ્ટિટ્યુટ**

- ઈન્દિરા ગાંધી નેશનલ ઓપન યુનિવર્સિટી (IGNOU)
- ડૉ. બી. આર. આંબેડકર ઓપન યુનિવર્સિટી

**ઓનલાઈન અભ્યાસક્રમો**

- NPTEL* સ્વયમ: archiVe.nptel.ac.in/courses/102/103/102103015/
- www.ncs.gov.in
- www.skillindiadigital.gov.in
- https://anubandham.gujarat.gov.in

* એન.પી.ટી.ઈ.એલ.-નેશનલ પ્રોગ્રામ ઈન ટેકનોલોજી એન્હાન્સ્ડ લર્નિંગ. તે ભારત સરકાર દ્વારા તૈયાર કરાવવામાં આવેલ છે જે ઓડિયો-વિડીયો સ્વરૂપમાં વિવિધ અભ્યાસક્રમો ઉપલબ્ધ કરાવે છે.

મને સ્કેન કરો

વેબસાઈટ પર જુઓ

## સાફલ્ય ગાથા

**મીનાક્ષી બેનર્જી** એક સાયનોબેક્ટેરિયોલોજીસ્ટ છે જે હાલમાં ટેક્સાસના હ્યુસ્ટનમાં રાઈસ યુનિવર્સિટી ખાતે સેન્ટર ફોર એપ્લાઈડ એલ્ગલ રિસર્ચના વડા તરીકે કાર્યરત છે. તેણીએ બનારસ હિન્દુ યુનિવર્સિટીની મહિલા કોલેજમાંથી સ્નાતકની પદવી હાંસલ કરી, જ્યાં તેણે વનસ્પતિશાસ્ત્રનો અભ્યાસ કર્યો. ત્યારપછી તેમણે તે જ કોલેજમાંથી બોટનીમાં અનુસ્નાતકની પદવી પ્રાપ્ત કરી. તેણીએ ભોપાલની બરકતુલ્લા યુનિવર્સિટીમાંથી પી.એચ.ડી. કર્યું, જ્યાં તે બાયોસાયન્સ વિભાગના વડા બન્યા. તેણીએ વર્ષ ૨૦૧૦માં ડૉ કે.એન. કાત્જુ રાજ્ય કક્ષાના વિજ્ઞાન પુરસ્કાર સહિત અનેકવિધ પુરસ્કારો પ્રાપ્ત કર્યા છે.*

સ્ત્રોત:https://www.ias.ac.in/public/Resources/InitiatiVes/Women_in_Science/Contributors/meenakshibanerjee.pdf

*ઉપરોક્ત માહિતી ફક્ત તાલીમ હેતુઓ માટે છે અને તેનો ઉપયોગ કોઈપણ વ્યાવસાયિક લાભ માટે કરવામાં આવશે નહીં.